# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

સાબરકાંઠા - અરવલ્લી

તા. ૨૬-૯-૨૦૨૧, રવિવાર




# જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં નલ સે જલ યોજનામાં ભોપાળું..!!

## કાગળ ઉપર નલ લાગી ગયાની ચર્ચા છેડાઈ : તપાસ થાય તો વાસ્મો વિવાદમાં આવશે

બાયડ( બ્યુરો ઓફીસ) તા.૨૫

રાજ્ય સરકાર દ્વારા નલ સે જલ યોજના અમલમાં મુકવામાં આવી છે.સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આ યોજના હેઠળ આદિવાસી વિસ્તારોના ગામડાઓમાં ભોપાળું થયાની ચર્ચા છેડાઈ છે.કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં તો કાગળ ઉપર નલ બતાવી દીધાના આક્ષેપ ની તપાસ થાય તો વાસ્મો દ્વારા થયેલ કામગીરી વિવાદમાં આવવાની સંભાવના છે.

પ્રજાને પીવાનું શુધ્ધ પાણી નળ કનેકશન દ્વારા મળે તેવા આશયે નલ સે જલ યોજના અમલમાં મુકવામાં આવી છે.જેમાં વાસ્મો ના સીધા કે પરોક્ષ સંકલનમાં નળ વિહોણા વિસ્તારમાં ધરે ધરે નળ લગાવાનું આયોજન કરી લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો પરંતુ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નલ સે જલ યોજનામાં આંકડાકીય માયા જાળ ફેલાવી કેટલાક આદિવાસી વિસ્તારોમાં કાગળ ઉપર નળ બતાવી દીધા હોવાના આક્ષેપ સંભાળવા મળી રહ્યા છે.

ડુંગરાળ વિસ્તારોમાં નલ સે જલ યોજના ની સફળતા ઝાંઝવાના જળ સમાન બની રહી છે.બને જિલ્લામાં આજે પણ ટ્રાયબલ વિસ્તારની પ્રજા પીવાના પાણી માટે બોર કૂવા અને હેંડપંપ ના સહારે પાણી મેળવતી જોઈ શકાય છે. નળ કનેકશન માટે લાખોનો ખર્ચ બતાવાઈ રહ્યો છે અને મતભગના ગામોમાં નલ સે જલ યોજના સફળતા તરફ હોવાના જે દાવા થઈ રહ્યા છે એની તપાસ થાય તો અનેક વિસ્તારોમાં ભોપાળું બહાર આવે તેવી સંભાવના છે. જવાબદાર ભલે હજારો ધરમાં નળ કનેકશન આપી દેવાયા હોવાની વાતો કરે પણ આદિવાસી વિસ્તારોમાં આ યોજનાની તપાસ થાય તો અનેક ગેરરીતિ ઉજાગર થઈ શકે છે. જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં તંત્ર ભલે યોજનાના મોટા મોટા દાવા કરે પણ પ્રજા તો હજુય નળ નહી પણ હેન્ડપંપ ઉલેચી પાણી ભરવા મજબુર જણાય છે.

# મોડાસા ખાતે EXPORTER CONCLAVE તથા નવી ઔદ્યોગિક નીતિનો માર્ગદર્શન સેમિનાર યોજાયો

મોડાસા તા.૨૫

અરવલ્લી મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સ અને મોડાસા જીઆઇડીસી જીલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખશ્રી કનુભાઇ પટેલ દ્વારા જિલ્લાના ઉદ્યોગકારોને આવકાર્યા તથા ઈર્ટ કિરવા માટે પ્રોત્સાહન અમદાવાદના આસીસ્ટન્ટ ડાયરેકટર મૈથેરી નાયડુ દ્વારા District Export Hub initiative and basics of ડાયરેકટરશ્રી ટી.કે.સોલંકી દ્વારા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની જાણકારી તથા લીડ બેંક મેનેજરશ્રી હિતેશભાઇ દ્વારા




ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ એસોસીએશનના સંયુક્ત ઉપક્રમે જીલ્લા કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામાં જીલ્લા કક્ષાનો EXPORTER CONCLAVE તથા નવી ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત માર્ગદર્શન સેમિનાર યોજાયો.

આ સેમિનાર અંતર્ગત પુરૂ પાડવામાં આવ્યુ હતું. ત્યારબાદ અરવલ્લી જીલ્લા કલેક્ટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ અંતર્ગત વાણિજ્ય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે જિલ્લા કક્ષાનો EXPORTER CONCLAVE અંતર્ગત માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ કાર્યક્રમમાં DGFT export વિષય પર પ્રેઝન્ટેશનથી જાણકારી આપવામાં આવી. સાથે અરવલ્લીના જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,આસીસ્ટન્ટ કમિશ્નરશ્રી ડી.ડી.સોલંકી દ્વારા ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ની યોજનાઓની જાણકારી આપવામાં આવી.

આ સેમિનારમાં MSME અમદાવાદના આસીસ્ટન્ટ બેંકિગ વિષય પર જાણકારી આપવામાં આવી હતી.

આ સેમિનારનું સમાપન મોડાસા જીઆઇડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ એસોસીએશનના પ્રમુખશ્રી/ મંત્રીશ્રી દ્વારા કરવામાં આવ્યું. આ સેમિનારમાં જીલ્લાના બહોળી સંખ્યામાં ઉદ્યોગકારોએ ભાગ લીધો હતો.

# આઈસ્ક્રીમ ખાતા બાદ બેભાન યુવતી રિસોર્ટથી હોસ્પિટલમાં ઉઠી

નવસારી, તા.૨૫

નવસારીના સ્ટેટ હાઈવે પર એક જાણીતા રિસોર્ટમાં આ ઘટના બની છે. યુવતીએ રિસોર્ટના માલિક સહિત ૫ સામે ફરિયાદ નોંધાવી છે. ગ્રામ્ય પોલીસે લેખિત ફરિયાદના આધારે તપાસનો દોર શરૂ કર્યો છે. યુવતીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું કે, તે સ્ટેટ હાઈવે પર આવેલ જાણીતા રિસોર્ટમાં નોકરી કરે છે. આ રિસોર્ટમાં નોકરીનો પ્રસંગ હોવાથી તેને અવારનવાર ત્યાં રોકાવુ પડે છે. ગઈકાલે એક લગ્ન પ્રસંગ હોવાથી તેણે તેમાં આઈસ્ક્રીમ ખાધો હતો, જેના બાદ તે બેહોશ થઈ હતી. તે જ્યારે ભાનમાં આવી ત્યારે તે રિસોર્ટમાં નહિ, પરંતુ હોસ્પિટલમાં હતી. હોસ્પિટલના બિછાને યુવતીને ધ્યાનમાં આવ્યું કે, તેની સાથે રિસોર્ટમાં કોઈ અઘટિત ઘટના ઘટી છે.

### વડાપાઉ લઇને આવું છુ તેમ કહીને ઘરેથી નીકળ્યા હતા પોલીસકર્મી

# દ્વારકામાં ફરજ બજાવતા મોડાસાનો પોલીસકર્મી અચાનક લાપતા

## મોડાસા ટાઉન પોલીસ મથકમાં પત્નીએ નોંધાવી ફરિયાદ

મોડાસા તા.૨૫

અરવલ્લી જિલ્લાના મોડાસામાં એક પોલીસ કર્મચારી ઘરેથી વડાપાઉ લેવા નીકળ્યા બાદ અચાનક ગુમ થઈ જતાં ચકચાર મચી ગઈ છે. ત્રણ દિવસ વિતી ગયા છતાં કોઇ ભાળ ન મળતા આખરે પત્નીએ પોલીસની મદદ માંગી છે. આ મામલે મોડાસા ટાઉન પોલીસ મથકે ગુમ થયાની ફરિયાદ નોધાવી છે. આ અંગે પોલીસે આગળની તપાસ હાથધરી છે. દ્વારકા જિલ્લાના મીઠાપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા રવિરાજસિંહ ઝાલા મોડાસામાંથી લાપતા થયા છે.



મોડાસાના જલારામપાર્કમાં રહેતા અને પોલીસ ખાતમાં ફરજ બાજવતા શિલ્પાબા ઝાલાએ ફરિયાદ કરતા જણાવ્યું હતું કે, મારા પતિ ઘરથી નાસ્તો લેવા નીકળ્યા હતા. વડાપાઉ લેવા જઉ છું તેવુ કહીને તેઓ ઘરેથી નીકળ્યા હતા. તેના બાદ તેઓ ઘરે પરત ફર્યા નથી. મારા પતિ રવિરાજસિંહ અમને કહ્યું હતું કે હું સહયોગ ચોકડી ઉપરથી વડાપાઉ લઈને આવું છું. તેમ કહીને ચાલતા ઘરેથી નીકળ્યા હતા.ફરિયાદમાં પત્નીએ જણાવ્યું હતું કે, ગત ૯ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ મારી તબિયત સારી ન હોવાથી મારા પતિ રવિરાજસિંહ ઝાલા દ્વારકા જીલ્લાના મીઠાપુર પોલીસમાં ફરજ બજાવતા હોવાથી તેઓ નોકરીમાં રજા મૂકીને અઠવાડિયાથી મોડાસા આવ્યા હતા. ત્યારબાદ મારા પતિ રવિરાજસિંહ અમને કહ્યું હતું કે હું સહયોગ ચોકડી ઉપરથી વડાપાઉ લઈને આવું છું. તેમ કહીને ચાલતા ઘરેથી નીકળ્યા હતા. જો કે ઘણો સમય વિતી ગયા છતાં પરત ન ફરતા કોલ કર્યો હતો. ત્યારે તેમનો બંધ આવતો હતો.

આજુબાજુ તપાસ કરતા પણ કોઈ ભાળ મળી ન હતી. રવિરાજસિંહ ઝાલા આજદીન સુધી કોઈ અત્તો પત્તો ન લાગતા આખરે પત્નીએ મોડાસા ટાઉન પોલીસ મથકે ફરિયાદ દાખલ કરાવી છે. પત્નીએ જણાવ્યું છે કે, મારા પતિ રવિરાજસિંહ જલારામપાર્ક સોસાયટીમાંથી નીકળ્યા તે સમયે કેસરી કલરનું ટીશર્ટ તથા બ્લ્યુ કલરનું પેન્ટ પહેર્યું હતું. તેઓ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષા જાણે છે. તેઓ દ્વારકા જિલ્લામાં મીઠાપુર પોલીસમાં ડ્રાઈવર પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે.

# સાબરકાંઠા-અરવલ્લીના બુઝર્ગ કોંગ્રેસી આગેવાનોને આરામ મળવાની સંભાવના

## યુવા નેતાગીરીના હાથમાં સંગઠનની બાગડોર..!!

બાયડ, તા. ૨૫

ગુજરાતમાં ભાજપાના નવા મુખ્યમંત્રી નવી કેબિનેટના માસ્ટર સ્ટ્રોકથી કોંગ્રેસ મૂર્છિત થઈ છે. આગામી વર્ષ-૨૦૨૨માં યોજાનારી વિધાનસભા ચૂંટણી જીતવા કોંગ્રેસ નવ લોહીયા સંગઠનને મેદાનમાં ઉતારવાનો મક્કમ નિર્ધાર કરતાં સાબરકાંઠા-અરવલ્લીમાં કોંગ્રેસના બુઝર્ગ આગેવાનોને પ્રદેશ નેતાગીરી ‘આરામ’ આપવાની ફીરાકમાં છે. યુવા નેતાઓને સંગઠનની બાગડોર સોંપવા માટે અંદરખાને તૈયારીઓ શરૂ થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઉત્તર ગુજરાતના સાબરકાંઠા-અરવલ્લીના કેટલાક વિસ્તારોમાં કોંગ્રેસનો દબદબો છે. પરંતુ વર્ષના આરંભે યોજાયેલી સ્થાનિક સ્વરાજયના ચૂંટણી જંગમાં ભાજપાનો જયજયકાર થતાં કોંગ્રેસને તેની પરંપરાગત વિધાનસભા બેઠકો જાળવવી અઘરી બને તેવા રીપોર્ટ છે. ગુજરાતમાં બે દાયકાથી સત્તા બહાર રહેલ કોંગ્રેસને રાજયમાં નેતૃત્વ પરીવર્તનથી પોતાનો ચાન્સ લાગશેની મધલાળ દેખાય છે પરંતુ જે રીતે ભાજપાની નવી સરકાર કામગીરી કરે છે તે જોતાં કોંગ્રેસ માટે હાલ જે સ્થાને છે તે સ્થાને જ રહેવાની ધારણા છે પરંતુ કોંગ્રેસ દ્વારા પંજાબમાં જે રીતે મુખ્યમંત્રી પસંદગીનો દાવ અજમાવ્યો તે જોતાં ગુજરાતમાં કોંગ્રેસ સંગઠનથી ધરમૂળમાં ફેરફાર કરવા અધીરી બની છે.

યુવાઓને સંગઠનની વિશેષ જવાબદારી અને વિધાનસભા ચૂંટણીમાં યુવા ઉમેદવારોને ટીકીટ આપી ભાજપા સામે પડકાર ઉભો કરવાની રણનીતિ આકાર લઈ રહી છે પરંતુ જિલ્લા કોંગ્રેસમાં બુઝર્ગ-યુવા નેતાઓમાં સંકલનનો અભાવ છે તે જોતાં નવી યુવા પેઢીને સંગઠનમાં જોતર્યા પછી જૂથવાદ વકરવાની મૂલ્યવાન જવાબદારી સોંપવાનો નિર્ણય લેવાતાં બાયડ, મોડાસા, ભિલોડા, હિંમતનગર, વડાલી, ખેડબ્રહ્મા કોંગ્રેસના આગેવાનોની પોતાના જૂથના ટેકેદારો સાથે બેઠક મળ્યાની ચર્ચા જોરમાં છે.

### નવા શિક્ષણમંત્રી પાસે અનેક અપેક્ષા

# જિલ્લાની શાળાઓમાં પ્રવાસી શિક્ષકોની નિમણૂંકનો પ્રશ્ન અધ્ધરતાલ : ઓછા સ્ટાફના કારણે આચાર્યની મુશ્કેલી વધી

બાયડ, તા. ૨૫

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં નવુ શૈક્ષણિક સત્ર શરૂ થયાના સાડા ત્રણ મહીના પછી પણ જે શાળાઓમાં શિક્ષકોની અછત છે ત્યાં પ્રવાસી શિક્ષકોની નિમણૂંક ન કરાતા હજારો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યાની લાગણી પ્રવૃત્તિ રહી છે. ઓછા સ્ટાફના કારણે અનેક શિક્ષકો ઉપર વર્ગલોડનું ભારણ વધ્યુ છે.

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પાછલા ૮ મહીના દરમ્યાન મા. અને ઉ.મા. શાળાઓમાં સીધી ભરતીથી શિક્ષણ સહાયકોની ભરતી કરવામાં આવી. પરંતુ જૂના શિક્ષકોની ભરતી થઈ નથી અને કેટલાક શિક્ષકો વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા અને કોરોનાના કારણે માસ પ્રમોશન અપાતાં વર્ગો વધી ગયા છે. વર્ગો અને વિદ્યાર્થી સતત વધ્યા પછી વધારાના શિક્ષકો માટે શિક્ષણ વિભાગ દ્વારા આજદિન સુધી કોઈ વ્યવસ્થા કરાઈ નથી. આ વર્ષ પ્રવાસી શિક્ષકોની ભરતી અંગે પણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા એન.ઓ.સી. આપવામાં ન આવતાં અનેક શાળાઓમાં શિક્ષકોની ઘટથી કોરોના ગાઈડલાઈનનો ભંગ થાય તે રીતે વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા શાળાઓ મજબૂર બની છે. ત્યારે નવા શિક્ષણમંત્રી દ્વારા શાળાઓમાં પ્રવાસ શિક્ષકોની નિયુક્તી માટે વિભાગને તાકીદ કરવામાં આવે તેવી અનેક ચર્ચાઓ અને સંચાલન મંડળોએ માંગ કરી છે. સાબરકાંઠા-અરવલ્લીની ગ્રાન્ટેડ સરકારી મા. અને ઉ.મા. શાળાઓમાં હાલ ૧૦૦ થી વધુ શિક્ષકોની ઘટ તેમજ વર્ગો વધવાથી ૨૯૦ થી વધુ શિક્ષકોની ઘટ છે ત્યારે તાત્કાલિક અસરથી શાળાને પ્રવાસી શિક્ષકો માટે એન.ઓ.સી. આપવાની માંગ કેટલાક જિલ્લાના શાળા સંચાલકોએ કરી છે.

# નવા ગૃહમંત્રી વહીવટદારોની છટણી કરાવે !!

## સાબરકાંઠા-અરવલ્લી પોલીસમાં વહીવટદારોની બોલબાલા : અનેક રાઈટર-કોન્સ્ટેબલ વારંવાર એક જ પોલીસ સ્ટેશનમાં નિયુક્ત થતાં આશ્ચર્ય : બારોબાર દારૂના વેપલામાં પોલીસની સંડોવણી !!

બાયડ, તા. ૨૫

રાજ્યના નવા ગૃહમંત્રી હર્ષ સંઘવી પોલીસમાંથી વહીવટદારોની છટણી કરાવે તેવો અવાજ સામે આવ્યો છે. સાબરકાંઠા-અરવલ્લી પોલીસમાં વહીવટદારોની બોલબાલા છે. દારૂના સપ્લાયનું મુખ્ય પ્રવેશદ્વારા બનેલાં બન્ને જિલ્લામાં ચોક્કસ પોલીસ સ્ટેશનમાં એકના એકજ રાઈટર-પોલીસ કર્મીઓની નિયુક્તીની વિગત માંગવામાં આવે તો રાજ્યના ગૃહમંત્રીના કાર્યાલયને અંધારામાં રાખી ચાલતું વહીવટદારોનું શાસન ખુલ્લુ પડી શકે છે.

જિલ્લામાં કહેવાય છે કે ગઢા ગામના વહીવટદારની બોલબાલા છે. ગમે તે પોલીસ વડા આવે તે પોતાનું ધાર્યુ કરાવે છે. અરવલ્લી જિલ્લામાં પોલીસ જ દારૂનો વેપલો કરતી હોવાનું બહાર આવ્યા પછી સમગ્ર એલ.સી.બી.નું માળખુ વિખેરી ફરીથી નવી નિયુક્તી થઈ પરંતુ એલ.સી.બી. એસ.ઓ.જી.માં કેટલાક વહીવટદારો ગોઠવાયાની લોકચર્ચા છે. જયારે જિલ્લામાં ભરપુર દારૂનો વેપલો થઈ રહ્યો છે છતાં એલ.સી.બી. માત્ર આંગણીના ટેરવે ગણી શકાય તેટલા પ્રોહીબીશનના કેસ નોંધી સંતોષ માને છે. શહેરી વિસ્તારમાં દરરોજ લાખો રૂપિયાનો વિદેશી દારૂનો બુટલેગર વેપલો કરતા હોવા છતાં માત્ર ગ્રામ્ય વિસ્તારમાં ૫ થી ૧૦ લિટર દેશી દારૂ પકડવામાં પોલીસને વધારે રસ હોવાનું ચિત્ર છે. અરવલ્લી પોલીસવડા સંજય ખરાતની નિષ્ઠા ઉપર કોઈને શંકા નથી પરંતુ એલ.સી.બી.ની ભીતરમાં બધુ યોગ્ય ચાલે છે ખરૂ..!! તેની પણ પોલીસવડાએ જાતે ચકાસણી કરવી પડશે. આજકાલ તો વહીવટદારોની સમગ્ર જિલ્લામાં બોલબાલા હોવાની લોકચર્ચા છે. ત્યારે છેલ્લા એક બે વર્ષથી એકજ પોલીસ સ્ટેશનમાં ચીટકી કામગીરીનો સારો રીપોર્ટ ન હોય તેવા પોલીસ કર્મીઓની બદલી બાબતે નવા રાજ્ય ગૃહમંત્રીએ વિચારવા જેવું ખરૂ...!!

# ચિલોડા-ડભોડા વિભાગ વ્યાયામ મંડળ આયોજિત યુવક મહોત્સવ ડભોડા ખાતે યોજાયો

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ડભોડા સ્થિત શ્રી એમ.એચ. વિદ્યામંદિર ખાતે ચિલોડા-ડભોડા



વિભાગ વ્યાયામ મંડળ આયોજિત યુવક મહોત્સવ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વિભાગના પ્રમુખ દલસંગભાઈ ચૌધરી, મંત્રી દિપકભાઈ શુકલ, જિલ્લા મહામંત્રી જશુભાઈ બી. ચૌધરી, સ્પર્ધા મંત્રી પ્રિતેશભાઈ પટેલ (ચિલોડા), મહિલા વિંગના ઉપપ્રમુખ શ્રીમતી કોમલબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિવિશેષ પદે નિવૃત્ત આચાર્ય છાલા હાઈસ્કૂલના આર.એસ. ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે તેઓનું શાલ અને સુતરની આંટીથી વિશેષ સન્માન કરવામાં આવ્યુ હતુ તે સન્માન બદલ આર.એસ. ચૌધરીએ વિભાગ વ્યાયામ મંડળને રૂ. ૫૧૦૦નું માતબર દાનનો ચેક અર્પણ કર્યો હતો. તે બદલ પ્રમુખે તેઓનો આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતમાં મંત્રીએ આયોજક સંસ્થાના કેળવણી મંડળ ડભોડાનો ઉત્તમ વ્યવસ્થા પુરી પાડવા બદલ સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હરેશભાઈ ખાચરે કર્યુ હતુ.

# સ્પોર્ટસ ક્ષેત્રે ગુજરાતનો આર્મી મેને વૉક રેસમાં મેળવ્યો મેડલ

અમદાવાદ ,તા.૨૫

કોરોના મહામારીમાં તેઓ પણ કોરોની ઝપેટમાં આવ્યા હતા, પરંતુ તેમ છતા તેમણે પ્રેક્ટિસ છોડી ન હતી. સતત વૉક, યોગા કરવાના કારણે કોરોનાથી તેઓ જલ્દી રિકવર થયા હતા. આ કારણે જ તેઓ બ્રોન્ઝ મેડલ સુધી પહોંચી શક્યા હતા. સાગર જોશીનું એક જ સપનુ છે કે, તેઓ ઓલિમ્પિકમાં ભાગ લે. હાલ તેઓ સતત મહેનત કરે છે, જેથી ઓલિમ્પિક સુધી પહોંચી શકે. આ વર્ષે માત્ર ૩૩ પોઈન્ટના કારણે સાગર જોશી ઓલિમ્પિકમાં જઈ શક્યા ન હતા. જેથી તેઓ હાલ આ માટે અથાગ પ્રયાસો કરી રહ્યાં છે. ગુજરાતીઓ ધારી લે તે ગમે તે ક્ષેત્રમાં સફળતાના શિખર પર પહોંચી શકે છે. સ્પોર્ટસ ક્ષેત્રે પણ હવે ગુજરાતીઓ કાઠુ કાઢી રહ્યાં છે. સ્પોર્ટસ ક્ષેત્રે વધુ એક ઝળહળતો સિતારો સામે આવ્યો છે. સાગર જોશીએ તાજેતરમાં જ તેલંગાણામાં યોજાયેલી નેશનલ ઓપન એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં ૩૫ કિલોમીટર વૉક રેસમાં સિલ્વર મેડલ મેળવ્યો છે. અમદાવાદના રેસ વોકર અને આર્મીમેન સાગર જોશી હાલ ઈન્ટરનેશનલ માટે તૈયારીઓ કરી રહ્યા છે.

# નેહા કક્કરે ગુજરાતની દીકરીની ઈચ્છા પૂરી કરી

અમદાવાદ ,તા.૨૫

સરગાસણમાં રહેતી ફલોરાની કલેકટર બનવાની ઈચ્છાની સાથે સાથે તેને પ્રસિદ્ધ ગાયિકા નેહા કક્કડના ગીતો સાંભળવાનો પણ ગજબનો શોખ હતો. રેડિયો કે ટીવીમાં નેહા કક્કરના ગીતો સાંભળતાની સાથે જ ફલોરા ઝૂમી ઉઠતી હતી. ફલોરાની માતા સોનલ બેન આસોડીયા કહે છે કે, આજે મારી દીકરીની વર્ષગાંઠ છે અને તે સદાય એવું કહેતી કે નેહા કક્કર મને બર્થ ડે વિશ કરે તો મને ખૂબ ગમે. મારી દીકરી જ્યારે એક દિવસ માટે કલેક્ટર બની ત્યારે જ આ વાતને જિલ્લા કલેક્ટર સમક્ષ કરી હતી અને તેમણે મને ખાતરી આપી કે ફલોરાના જન્મદિવસે નેહા કક્કર તેને બર્થ ડે વિશ કરે તે માટે બધા જ પ્રયત્નો કરીશ અને આજે નેહા કક્કડનો ફ્લોરાને બર્થ ડે વિશ કરતો વીડિયો અમને મળ્યો છે. આ વીડિયો જોતા જ ફ્લોરાના ચહેરા પર એક અજીબ પ્રકારનું નૂર દેખાયું છે. એટલે અમારા માટે આ એક વધારાની ખુશી છે એમ તેઓ ઉમેરે છે.’ જિલ્લા કલેકટર સંદીપ સાંગલેએ જણાવ્યું હતું કે, દીકરી ફ્લોરા જ્યારે એક દિવસ કલેક્ટર બનીને અમારી ઓફિસે આવી. ત્યારે જ તેની આ ઈચ્છાની પણ તેના પરિવાર પાસેથી અમને જાણવા મળી હતી. ત્યારે જ અમે પ્રસિદ્ધ ગાયિકા નેહા કક્કરનો સંપર્ક કરવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. અને અમે સફળ પણ થયા તેના પગલે ફ્લોરાના ચહેરા પરની ખુશી જ અમારા માટે સર્વસ્વ બની છે.’ ‘મારી ૧૧ વર્ષની દિકરી ફ્લોરા ધોરણ ૭માં અભ્યાસ કરી રહી છે.

### સખી વન સ્ટોપ, સરકારી ચિલ્ડ્રન હોમ ફી ગર્લ્સ

# ચાઈલ્ડ લૌમ ૧૦૯૮ની જિલ્લા કલેકટર ડૉ. નરેન્દ્ર મીનાએ મુલાકાત લીધી

મોડાસા તા.૨૫

અસરગ્રસ્ત મહિલાઓને આશ્રય, તબીબી સારવાર, પોલીસ સહાય, કાઉસેલીંગ વગેરે એક જ છત્ર હેઠળ મળી રહે તે



અર્થે ભારત સરકાર મહિલા અને બાળ વિકાસ મંત્રાલય પુરસ્કૃત “સખી” વન સ્ટોપ સેન્ટર,પરખ ટ્રસ્ટ હિંમતનગર સંચાલિત અરવલ્લી ના મોડાસા ખાતે અરવલ્લી જિલ્લા કલેકટર ડો. નરેન્દ્રકુમાર મીના એ મુલાકાત લીધેલ અને અહીંની કામગીરીની પ્રસંશા કરી સેન્ટર ખાતે આજદિન સુધી ૧૫૦ બહેનો આવેલ છે જેમાંથી ૧૩ બહેનો અન્ય રાજ્યની હતી અને રાજ્યના કુલ ૮૧ બહેનોનું અહીંથી કુટુંબમાં પુનઃસ્થાપન કરાવેલ છે તેમજ અન્ય ૫૬ મહિલાઓને લીગલ સહાય,નારીકેન્દ્ર,કાઉન્સેલીની વિવિધ સેવાઓ પૂરી પાડેલ છે. કલેકટરની મુલાકાત દરમ્યાન ટાઉન પી.આઈ. એન.જી. ગોહીલ તેમજ જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડી.બી.પંડ્યા અને પરખ સંસ્થાના સ્થાપક કુ.કૌશલ્યાકુંવરબા અને પ્રમુખ સુરેશભાઇ પટેલ તથા સખી વન સ્ટોપ સેન્ટરના તમામ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

અરવલ્લી જીલ્લાના કલેકટર નરેન્દ્રકુમાર મીના સાહેબે પરખ સંસ્થા સંચાલિત ૨૪ કલાક ફોન સેવા – અરવલ્લી ચાઈલ્ડલાઈન ૧૦૯૮ ની મુલાકાત લીધી. કલેકટર સાહેબનુ સ્વાગત ચાઈલ્ડ લાઈનના ડાયરેકટર કૌશલ્યા કુંવરબાએ બુકે આપીને કર્યુ હતું.આ પ્રસંગે પરખ સંસ્થાના પ્રમુખ સુરેશભાઇ પટેલ પણ હાજર રહ્યા હતા.ચાઈલ્ડલાઈનની શરૂઆત ૧ લી જુન ૨૦૧૯ થી કરવામાં આવી છે. અરવલ્લી જીલ્લામાં રક્ષણ અને કાળજીની જરૂરિયાત વાળા બાળકોને ચાઈલ્ડલાઈન ટીમ ધ્વારા મદદ પૂરી પાડવામાં આવે છે. વર્ષ-૨૦૧૯ થી ૨૦૨૧ દરમિયાન ૪૩૩ બાળકોના કેસોમાં ચાઈલ્ડલાઈન ધ્વારા બાળકોને મદદ પૂરી પાડવામાં આવી છે.

કોરોનામાં ચાઈલ્ડલાઈન ધ્વારા જરૂરીયાત વાળા બાળકોના પરિવારોને રાશનકીટ, ફૂડપેકેટ, માસ્ક વિતરણ કરવામાં આવ્યા છે. અરવલ્લી જીલ્લાના ૪૦ શેરો પોજેટીવ બાળકોને ન્યુટ્રીશન કીટ આપવામાં આવી છે. ઓપન હાઉસ કરીને ૧૦૫૪ બાળકો સાથે ચર્ચા કરવામાં આવી. આઉટરીચ કરીને ૮૬૬૮ બાળકોનો સંપર્ક કર્યો અને ચાઈલ્ડલાઈનની માહિતી આપી હતી. અરવલ્લી કલેકટર સાહેબએ ચાઈલ્ડલાઈનની પ્રવુત્તિ નિહાળી અને સારી કામગીરી બદલ ટીમને શુભેચ્છા આપી.

# ગાંધીનગર જિલ્લા તલાટીમંડળમાં પ્રમુખપદે શૈલેષભાઈ ચૌધરીની સર્વાનુમતે વરણી




ગાંધીનગર જિલ્લા તલાટી મહામંડળમાં રાજુભાઈ જે. ચૌધરી (છાલા)ને વિસ્તરણ અધિકારી તરીકે બઢતી મળતાં તેમની જગ્યાએ ગાંધીનગર તાલુકામાંથી પ્રમુખપદે શૈલેષભાઈ ચૌધરીને સર્વાનુમતે બીનહરીફ તરીકે જિલ્લા તલાટી મંડળમાં વરણી કરવામાં આવતાં અભિનંદન પાઠવવામાં આવ્યા.